# વસિષ્ઠ જેનેસીસ સ્કૂલ–બાબેન

(ગુજરાતી માધ્યમ)

## ‘એક મુઠી ધાન,એક રૂપિયો દાન’

આત્મીય, વિદ્યાર્થીઓ અને વાલીશ્રીઓ વંદે માતરમ્...!

પ્રાચીનકાળથી સૂર્ય ઉપાસનાનું મહત્વ રહેલું છે. વિશ્વના સૌથી પ્રાચીન ગ્રંથ ગણાતા ઋગ્વેદમાં સૂર્ય માટે ‘પતંગ’ શબ્દ વપરાયો છે. આર્યો સૂર્યની પ્રાચીનકાળથી ઉપાસના કરતા હતા. આ દિવસે સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરે છે માટે તેને મકરસંક્રાંતિ પણ કહે છે. વળી, મકરસંક્રાંતિ એ ભારતનો કૃષક તહેવાર છે. ભારત અને એશિયાનાં અન્ય દેશોમાં પણ આ દિવસને પાકની લણણી સાથે જોડવામાં આવ્યો છે. આ દિવસે ઘઉં, બાજરી કે જુવારને છડીને તેનો ખીચડો બનાવવામાં આવે છે, બહેન-દીકરી તથા અન્ય લોકોને ખીચડો ખવડાવવાથી પુણ્ય મળે છે તેવી માન્યતા પ્રવર્તે છે. આ ઉપરાંત ઘઉંની ઘૂઘરી કરીને ગાયોને ખવડાવવામાં આવે છે. મકરસંક્રાંતિનાં પછીનાં દિવસે પશુ-પ્રાણીઓ, ખાસતો ગાયને પણ યાદ કરાય છે. નાની બાળાઓનાં હસ્તે પશુ,પક્ષી અને માછલીઓને ભોજન ખવડાવાય છે.

આપણી સંસ્કૃતિમાં દાનનો વિશેષ મહિમા. સર્વશ્રેષ્ઠ અન્નદાન, ભૂમિદાન, ગૌદાન, સુવર્ણદાનનો મહિમા રહેલો છે. આ લોકમાં સર્વે દાનોમાં પણ અન્નદાન સર્વ કરતાં શ્રેષ્ઠ કહ્યું છે, કારણ કે અન્ન છે તે પ્રાણીઓના પ્રાણ છે. એથી અન્નનું દાન કરનાર પ્રાણનું દાન કરનારો કહેલો છે.

PTO

મકરસંક્રાંતિ નિમિત્તે દાનના મહિમાને વિદ્યાર્થી કાળમાં પરિપક્વ કરવા માટે તેમજ બાળકોમાં આપણી પરંપરા પ્રત્યેની રુચિ જગાડવા  શાળા દ્વારા નર્સરી થી ધો.12 ના વિદ્યાર્થીઓ માટે એક વિશેષ પ્રકલ્પ **'એક મુઠ્ઠી ધાન,એક રૂપિયો દાન'** હેઠળ શાળાના દરેક બાળક એક મુઠ્ઠી ધાન (ઘઉં અથવા ચોખા) અને એક રૂપિયો દાન શાળામાં  તા.૦૯-૦૧-૨૦૨૫ ને ગુરુવાર થી તા. ૧૩-૦૧-૨૦૨૫ ને  સોમવાર સુધીમાં લઈને આવશે.

આ વર્ષે એકત્ર થયેલું અનાજ અને જે રૂપિયા દાનમાં આવે તે રૂપિયાનું  ખાવાનું તેલ ખરીદીને આપણી શાળામાં કાર્ય કરતાં સેવક ભાઈ-બહેનો, સફાઈ કર્મચારીઓને તેમજ અન્ય જરૂરિયાતમંદ સંસ્થાઓને દાન આપવાનો હેતુ રાખ્યો છે.

એકત્ર થયેલ દાન જરૂરિયાતમંદ વ્યક્તિ સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય આપણા બાળકોની ઉપસ્થિતિમાં કરીશું, તો આવો...આપણે સૌ સાથે મળીને આપણા બાળકોમાં મદદરૂપ થવાની ભાવના નિર્માણ થાય તે માટે પ્રેરણાસ્ત્રોત બનીએ.

**'એક મુઠ્ઠી ધાન,એક રૂપિયો દાન'**અભિયાનમાં આપની અનુકૂળતા મુજબ વધારે અનાજ અને રૂપિયા આપી શકો છો.

**ચાલો, આપણે સૌ મકરસંક્રાંતિ પર્વ નિમિત્તે દાન યજ્ઞમાં જોડાઈએ અને 'એક મુઠ્ઠી ધાન,એક રૂપિયો દાન' અભિયાન અંતર્ગત દાન આપીને જરૂરિયાતમંદ વ્યક્તિને મદદરૂપ થવાની ભાવના વ્યક્ત કરીએ એવી અભિલાષા...**

**સહકાર બદલ આભાર**